# પ્રો એક્ટીવ ડિસ્ક્લોઝર

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ

**(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત)**

**બ્લોક નં. ૩/૪થો માળ, ઇ-૨ વિંગ, કર્મયોગી ભવન,**
**સેક્ટર - ૧૦ એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦**

# માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૪(૧)(ખ) હેઠળ
# Proactive Disclosure ( તા. 01/04/2026 ની સ્થિતિએ )

## ૧. પોતાના વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગતો

❖ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના :

સરકારશ્રીના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગરના તા.૨૧/૦૬/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ એસએજી / ૧૦૨૦૧૮/૧૭૨૬/બ ઠરાવથી ગુજરાત રાજય યોગ બોર્ડની રચના કરવામાં આવેલ છે.

❖ **બોર્ડનો ઉદેશ તથા હેતુ**

(૧) "ગુજરાત રાજય યોગ બોર્ડ" નો ઉદેશ રાજયના દરેક નાગરિકને સ્વસ્થ જીવન શૈલી, નિરોગી જીવન જીવવા માટે યોગથી પરિચિત કરાવવા, યોગ અને યોગ વિદ્યાનો વ્યાપક પ્રચાર-પ્રસાર તથા લોકોને યોગનો અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરવા.

(૨) સમગ્ર વ્યકિતત્વ વિકાસ અને આરોગ્યપ્રદ જીવન માટે યોગને પ્રચલિત કરીને જીવનશૈલીનો ભાગ બનાવવો.

(3) લોકોમાં યોગ સંબંધી જાગરૂકતા, પ્રચાર - પ્રસાર અને યોગ શિક્ષણને પ્રોત્સાહન આપવું. જેથી વ્યક્તિના જીવન પર્યંત યોગ એ જીવનનો હિસ્સો બની શકે અને સ્વસ્થ સમાજની રચના થઇ શકે.

(૪) યોગ થકી જનસમુદાયમાં રાષ્ટ્ર પ્રેમ, એકતા, ભાઇચારાની ભાવના, શાંતિ અને સુલેહનું વાતાવરણ તૈયાર કરી લોકોમાં સંવાદિતતા પ્રસ્થાપિત કરવી.

(૫) દેશ અને દુનિયામાં ચાલતી જુદી જુદી યોગ પધ્ધતિઓના અભ્યાસ દ્વારા યોગમાં વૈજ્ઞાનિક અને નવિન અભિગમ અપનાવી લોકોના આરોગ્ય અને સ્વસ્થતામાં વધારો કરી તેઓની જીવનશૈલી સુધારો કરવો

(5) રાજ્યના યુવક/યુવતીઓના વ્યક્તિત્વનો વિકાસ થાય, વ્યસન જેવા દુષણોથી દૂર રહી સામુહીક જીવનના આદર્શો અને વલણો સમજવા તેઓ પ્રેરાય, તેમની સંસ્કારીતા વધે, યુવા શક્તિને યોગ દ્વારા રચનાત્મક કાર્યોમાં જોડીને યુવકોમાં શાંતીમય સહ અસ્તિત્વ અને રાષ્ટ્રીય એકતા જેવા ગુણો વિકસાવી રાષ્ટ્રીયતાસભર સર્વાંગી વિકાસ કરવો.

❖ **બોર્ડની કામગીરી**

ઉપરોક્ત ઠરાવથી ચોક્કસ રીતે સોંપાયેલા વહીવટી કાર્યો અને સરકારશ્રી દ્વારા વખતો વખત બોર્ડને સોંપવામાં આવે તેવા બીજા કાર્યો પણ હાથ ધરશે. ખાસ કરીને બોર્ડ પોતાની મેળે અથવા તો રાજ્ય સરકાર તરફથી પુછાણ થતાં રાજ્ય યોગ બોર્ડ રાજ્ય સરકારના સલાહકાર તરીકે પણ કાર્ય કરશે. આ ઉપરાંત,

(૧) ગુજરાત રાજ્ય યોગ બોર્ડ યોગના લાભ અને અભ્યાસનો સમગ્ર રાજયમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય

કક્ષા સુધી પ્રચાર અને પ્રસાર કરે છે.

(૨) રાજ્યમા ચાલતી વિવિધ યોગ પ્રવૃતિઓ તથા જુદા જુદા સમુદાયો અને અલગ અલગ સંસ્થાઓ દ્વારા થતી યોગ પ્રવૃતિઓનું સંકલન સાધી તેને વધુ વેગ મળે તે માટેની યોગ્ય કાર્યવાહી કરશે

(3) યોગ વિષયક વિવિધ કાર્યક્રમો માટે વિવિધ સંસ્થાઓ, શાળા, કોલેજ, યુનિવર્સિટી અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે ન સંકળાયેલા બિન વિદ્યાર્થીઓને પણ યોગ પ્રવૃતિઓમાં સાંકળીને રાજ્યના સમસ્ત યુવા સમુદાયને જોડશે.

(૪) તાલીમ શિબિર, પરિસંવાદ, વર્કશોપ, પ્રદર્શન પરીષદો, વગેરેનું આયોજન.

(૫) યોગ પ્રવૃતિઓ ક્ષેત્રે અભ્યાસ અને સંશોધનની જરૂરિયાત અંગે ભલામણ.

(૬) યુવા વર્ગ દ્વારા અને તેમને માટે ચલાવવામાં આવતી યોગ મારફત સર્વાંગી વિકાસ માટેની પ્રવૃતિઓને પ્રોત્સાહન.

(૭) યોગ પ્રવૃતિઓના પ્રચાર અને પ્રસાર અર્થે સાહિત્યના પ્રકાશનનું આયોજન.

(૮) વૃધ્ધો, મહિલાઓ, પ્રૌઢ, બાળકો તથા તમામ વયજુથને અનુરૂપ કામગીરી,

(૯) રાજયના યુવાનોમાં યોગ માટે પ્રેરાય તેવા આયોજનોને પ્રોત્સાહન આપવું, જેથી રાજયના યુવાનો શારીરિક શ્રેષ્ઠતા અને શારીરિક કૌશલનું પ્રદર્શન કરીને રાજયનું ગૌરવ વધારી શકે તે માટે જરૂર જણાય તો, યુવાનોને તાલીમ આપવાની કામગીરી કરશે.

## ❖ બોર્ડના અધિકાર, સત્તાઓ અને ફરજો:

(૧) બોર્ડ રચના ઠરાવ અનુસારના ઉદ્દેશો અનુસાર કાર્ય કરશે.

(૨) બોર્ડ, જેના આધારે તેના ઉદ્દેશોને અનુરૂપ ભલામણો કરવા માટેની જાણકારી મેળવી શકાય એવા કાર્યક્રમો રાજ્ય સરકારને ભલામણ કરશે.

(3) બોર્ડ દ્વારા તેના ઉદ્દેશો અનુસાર એકત્રિત જાણકારીનો લોકોમાં ફેલાવો કરવા માટે પત્ર -પત્રિકાઓ, પુસ્તકો અને અન્ય સાહિત્ય સ્વરૂપે પ્રકાશન કરી શકાશે.

(૪) બોર્ડના વિવિધ આયોજનો, પ્રકાશન, અન્ય કામગીરીઓ, સામગ્રીની ખરીદી, પગાર- ભથ્થાં અને કચેરી ખર્ચ માટે ખર્ચ મંજુર કરવાની સંપુર્ણ સત્તા બોર્ડની રહેશે. બોર્ડની ગેરહાજરીમાં ખાસ ફરજ પરના અધિકારી (OSD) વહિવટી વિભાગની મંજુરી મેળવીને તેમની સત્તાઓનો ઉપયોગ કરી શકશે.

(૫) બોર્ડ દ્વારા વર્ષ પૂર્ણ થયા બાદ દર વર્ષે જુલાઇ મહિનામાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ મારફતે રાજ્ય સરકારને અહેવાલ રજૂ કરવાનો રહેશે.

(૬) બોર્ડની પ્રવૃતિઓ માટે રાજ્ય સરકારે નક્કી કરેલ વાર્ષિક જોગવાઇઓ તેમજ નાણાકીય ધારા ધોરણોની મર્યાદામાં કામગીરી કરવાની રહેશે.

(૭) બોર્ડ તરફથી પત્રવ્યવહાર કરવા માટે બોર્ડના ખાસ ફરજ પરના અધિકારી (OSD) અધિકૃત રહેશે.

## ૨. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

- બોર્ડને તેના ઉદ્દેશો અનુસાર આયોજનો, પ્રકાશન, અન્ય કામગીરીઓ, સામગ્રીની ખરીદી, પગાર-ભથ્થાં અને કચેરી ખર્ચ માટે ખર્ચ મંજૂર કરવાની સંપુર્ણ સત્તા રહેશે
- બોર્ડ તરફથી પત્રવ્યવહાર કરવા માટે OSD અધિકૃત રહેશે. બજેટ ફાળવણી આધિન, કોઈપણ આકસ્મિક કામગીરી માટે રૂ. ૨,૫૦,૦૦૦/- સુધીનું ખર્ચ મંજૂર કરવાની સત્તા રહેશે. ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા. ૧૪/૦૮/૨૦૨૫ ના ઠરાવ મુજબ )

- રાજ્ય સરકારના સલાહકાર તરીકે કાર્ય કરવું, ખાસ કરીને ઠરાવથી સોંપાયેલા વહીવટી કાર્યો અને સરકારશ્રી દ્વારા વખતો વખત સોંપવામાં આવે તેવા બીજા કાર્યો પણ હાથ ધરવા.

## ૩. બોર્ડની દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ.

- બોર્ડની બેઠકમાં હાજર રહેલા સભ્યોની બહુમતીથી નિર્ણય લેવામાં આવશે. સરખા મત થાય તો અધ્યક્ષશ્રી પોતાનો નિર્ણાયક મત (Casting Vote) આપશે.
- બોર્ડની ગેરહાજરીમાં, OSD વહીવટી વિભાગની મંજૂરી મેળવીને તેમની સત્તાઓનો ઉપયોગ કરી શકશે
- OSD અને હિસાબી અધિકારીશ્રીની સંયુક્ત સહીથી ભંડોળનો બેંકમાંથી ઉપાડ થઈ શકશે (અધ્યક્ષની મંજૂરીથી).

## ૪. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કાર્યો બજાવવા માટે નક્કી કરેલા ધોરણો

1. નાણાકીય ધોરણો: બોર્ડની પ્રવૃતિઓ માટે રાજ્ય સરકારે નક્કી કરેલ વાર્ષિક જોગવાઇઓ તેમજ નાણાકીય ધારાધોરણોની મર્યાદામાં કામગીરી કરવાની રહેશે.
2. બેઠકનું કોરમ: બોર્ડની વાર્ષિક સામાન્ય બેઠક માટેનું કોરમ ૧/3 (એક તૃત્યાંશ) રહેશે.
3. સમયમર્યાદા (Annual Reporting): બોર્ડ દ્વારા વર્ષ પૂર્ણ થયા બાદ દર વર્ષે જુલાઈ મહિનામાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ મારફતે રાજ્ય સરકારને અહેવાલ રજૂ કરવાનો રહેશે.
4. માહિતીની ગુણવત્તા: યોગ થકી જનસમુદાયમાં રાષ્ટ્ર પ્રેમ, એકતા, શાંતિ અને સુલેહનું વાતાવરણ તૈયાર કરી સંવાદિતતા પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશને અનુરૂપ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

## ૫. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કાર્યો બજાવવા માટે ઉપયોગમાં લેવાતા કાયદાઓ, નિયમો, વિનિયમો, સૂચનાઓ

1. **સ્થાપનાનો કાયદાકીય આધાર:** ગુજરાત સરકાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસએજી/૧૦૨૦૧૮/૧૭૨૬/બ, તા. ૨૧-૦૬-૨૦૧૯.
2. **નાણાકીય નિયમો:** નાણાં વિભાગના પ્રવર્તમાન ઠરાવો (માનદ વેતન, ભથ્થાં, અને સુવિધાઓ સંબંધિત).
3. **મહેકમ અને સેવા શરતો:** બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓના પગાર ભથ્થાં, સેવાની શરતો તેમજ લાગુ પડતા અન્ય નિયમો, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના રચનાના ઠરાવ મુજબના રહેશે.
4. **આંતરિક નિયમો:** બોર્ડ પોતાની કાર્યપધ્ધતિ અલગથી નક્કી કરી શકશે.
5. **નિયંત્રણ હેઠળના રેકર્ડની કક્ષાઓ:** નાણાકીય હિસાબોનું ઓડિટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરાવવાનું રહેશે અને તેના અહેવાલની જાળવણી.

## ૬. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ નિયંત્રણ હેઠળની દસ્તાવેજોની કક્ષાઓ

1. બોર્ડના વાર્ષિક અહેવાલ અને ગત નાણાકીય વર્ષના વાર્ષિક આવક-ખર્ચના મંજૂર થયેલા અહેવાલો.
2. બોર્ડની સાધારણ સભા અને વિશેષ બેઠકોની કાર્યનોંધો (Minutes).
3. નાણાંકીય વર્ષમાં પ્રાપ્ત કરેલી અનુદાનની રકમના ઉપયોગીતાનું પ્રમાણપત્ર (Utilization Certificate - UC) અને ઓડિટ અહેવાલ.
4. વર્ષના કાર્યક્રમો અને ખર્ચ સંબંધિત પ્રસ્તાવો.
5. અધ્યક્ષ/સભ્યો/અધિકારીઓ/કર્મચારીઓના મહેકમ અને સેવા શરતોના નિયત દસ્તાવેજો.

## ૭. ગુજરાત રાજ્ય યોગ બોર્ડની નીતિ અથવા તેના અમલીકરણના ઘડતરના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનિમય માટેની ગોઠવણની વિગતો

1. **શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા જોડાણ:** યોગ વિષયક વિવિધ કાર્યક્રમો માટે વિવિધ સંસ્થાઓ, શાળા, કોલેજ, યુનિવર્સિટી અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે ન સંકળાયેલા બિન વિદ્યાર્થીઓને પણ યોગ પ્રવૃતિઓમાં સાંકળીને રાજ્યના સમસ્ત યુવા સમુદાયને જોડવામાં આવશે.
2. **બાહ્ય સ્ત્રોતોનો સહયોગ:** બોર્ડ પોતાના ઉદ્દેશો અનુસાર કામગીરી કરવા માટે યોગ સંબંધિત પ્રવૃતિઓ કરનાર અન્ય સંસ્થાઓ સાથે સહયોગ અને જરૂરીયાત અનુસાર બાહ્ય સ્ત્રોતોની સેવા સરકારશ્રીની પૂર્વ મંજુરીથી મેળવી શકશે.

## ૮. બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોની વિગતો

### અ. ઉચ્ચસ્તરીય (રાજ્ય કક્ષાની) સ્થાયી સમિતિ (કુલ ૧૧ સભ્યો):

આ સમિતિ બોર્ડની કામગીરીના અસરકારક અમલીકરણ માટે કાર્ય કરે છે:

- **અધ્યક્ષ**: માન. મુખ્યમંત્રીશ્રી
- **ઉપાધ્યક્ષ:** માન. મંત્રીશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ
- **સભ્યસચિવ:** કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ
- **અન્ય સભ્યો:** મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના ACS, આરોગ્ય વિભાગના ACS, રમતગમત વિભાગના સચિવશ્રી, આરોગ્ય વિભાગના કમિશનરશ્રી, બોર્ડના બે સભ્યો, OSD, અને ડાયરેક્ટરશ્રી, આયુર્વેદ (આયુષ).
- **બેઠકો:** બોર્ડની સાધારણ સભાની બેઠક વર્ષમાં ઓછામાં ઓછા બે વખત મળશે, જેની જાણ ૧૫ દિવસ અગાઉ કરવાની રહેશે.

### બ. ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના (કુલ ૧૦ સભ્યો):

- **બિનસરકારી સભ્યો (૫):** એક અધ્યક્ષશ્રી, એક ઉપાધ્યક્ષશ્રી તથા ત્રણ સભ્યો. અવધિ હોદ્દો ધારણ કર્યાની તારીખથી ત્રણ વર્ષની રહેશે.
- **સરકારી સભ્યો (૫)**: ગુજરાત રાજ્ય સરકારના નાણાં વિભાગ, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, શિક્ષણ વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના અધિકારી અને પ્રતિનિધિઓ.
- **વિશેષ આમંત્રિત સભ્યો:** નેહરુ યુવા કેન્દ્ર, રાષ્ટ્રીય સેવા યોજના (NSS), નેશનલ કેડેટ કોર (NCC), સ્કાઉટ ગાઇડ, યુવક બોર્ડ તેમજ અન્ય સમૂહોના સભ્યોને આમંત્રિત કરી શકાશે.

## ૯. બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | **અધિકારી / કર્મચારીનું નામ** | **હોદ્દો** | **સંપર્ક** |
|---|---|---|---|
| ૧ | શ્રી મૃણાલદેવી ગોહિલ, GAS | ખાસ ફરજ પરના અધિકારી | ૦૭૯-૨૩૨૫૮૩૪૨, ૪૩<br>osdyogboard@gujarat.gov.in |
| ૨ | શ્રી ધર્મરાજસિંહ વાઘેલા | વહીવટી અધિકારી (ઇ.ચા.) | ૦૭૯-૨૩૨૫૮૩૪૨<br>yogboard@gujarat.gov.in |
| ૩ | શ્રી એમ. જી. શેખ | હિસાબી અધિકારી (ઇ.ચા.) | ૦૭૯-૨૩૨૫૮૩૪૨<br>yogboard@gujarat.gov.in |
| ૪ | શ્રી એસ. એ. નગરી | પ્રોજેક્ટ મેનેજર | ૦૭૯-૨૩૨૫૮૩૪૨<br>yogboard@gujarat.gov.in |
| ૫ | શ્રી રોનક સોલંકી | સોશિયલ મીડિયા મેનેજર | ૦૭૯-૨૩૨૫૮૩૪૨<br>yogboard@gujarat.gov.in |
| ૬ | શ્રી નિમેષ ચૌધરી | તજજ્ઞ – ૧ | ૦૭૯-૨૩૨૫૮૩૪૨<br>yogboard@gujarat.gov.in |
| ૭ | શ્રી દિનેશ આર. રામાનુજ | તજજ્ઞ – ૨ | ૦૭૯-૨૩૨૫૮૩૪૨<br>yogboard@gujarat.gov.in |
| ૮ | શ્રી ભૂમિકા પંચાલ | હિસાબનીશ | ૦૭૯-૨૩૨૫૮૩૪૨<br>yogboard@gujarat.gov.in |
| ૯ | શ્રી સંદિપભાઇ પંચાલ | માન. ચેરમેનશ્રીના અંગત મદદનીશ | ૦૭૯-૨૩૨૫૮૩૪૨<br>chmnyogboard@gujarat.gov.in |
| ૧૦ | શ્રી સંદીપ પ્રજાપતિ | સ્ટેનોગ્રાફર | ૦૭૯-૨૩૨૫૮૩૪૨<br>yogboard@gujarat.gov.in |
| ૧૧ | શ્રી શુભમ વાઘેલા | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી | ૦૭૯-૨૩૨૫૮૩૪૨ |

| | | | |
|---|---|---|---|
| | | ઓપરેટર | yogboard@gujarat.gov.in |
| ૧૨ | શ્રી હેતલબેન વાઘેલા | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૭૯-૨૩૨૫૮૩૪૨ yogboard@gujarat.gov.in |
| ૧૩ | શ્રી અરવિંદસિંહ ચૌહાણ | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૭૯-૨૩૨૫૮૩૪૨ yogboard@gujarat.gov.in |
| ૧૪ | શ્રી વિજય ચાવડા | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૭૯-૨૩૨૫૮૩૪૨ yogboard@gujarat.gov.in |
| ૧૫ | શ્રી અમિત રાણા | પટાવાળા | ૦૭૯-૨૩૨૫૮૩૪૨ yogboard@gujarat.gov.in |
| ૧૬ | શ્રી વિજય ચૌહાણ | પટાવાળા | ૦૭૯-૨૩૨૫૮૩૪૨ yogboard@gujarat.gov.in |
| ૧૭ | શ્રી ગૌતમ પુરબીયા | પટાવાળા | ૦૭૯-૨૩૨૫૮૩૪૨ yogboard@gujarat.gov.in |

**૧૦(અ). માસિક વળતર (પગાર) – કચેરી**

| ક્રમ | અધિકારી / કર્મચારીનું નામ | હોદ્દો | પગાર ધોરણ | માસિક વળતર |
|---|---|---|---|---|
| ૧ | શ્રી મૃણાલદેવી ગોહિલ, GAS | ખાસ ફરજ પરના અધિકારી | સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ | રૂા. ૧,૪૭,૦૪૩/- |
| ૨ | શ્રી ધર્મરાજસિંહ વાઘેલા | વહીવટી અધિકારી (ઇ.ચા.) | સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ | - |
| ૩ | શ્રી એમ. જી. શેખ | હિસાબી અધિકારી (ઇ.ચા.) | સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ | - |
| ૪ | શ્રી એસ. એ. નગરી | પ્રોજેક્ટ મેનેજર (આ.સો.) | રૂા. ૪૦૦૦૦/- (ફીક્સ) | રૂા. ૪૦૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | શ્રી રોનક સોલંકી | સોશિયલ મીડીયા મેનેજર(આ.સો.) | રૂા. ૨૫૦૦૦/- (ફીક્સ) | રૂા. ૨૫૦૦૦/- |
| ૬ | શ્રી નિમેષ ચૌધરી | તજજ્ઞ – ૧(આ.સો.) | રૂા. ૨૨૦૦૦/- (ફીક્સ) | રૂા. ૨૨૦૦૦/- |
| ૭ | શ્રી દિનેશ આર. રામાનુજ | તજજ્ઞ – ૨(આ.સો.) | રૂા. ૨૨૦૦૦/- (ફીક્સ) | રૂા. ૨૨૦૦૦/- |
| ૮ | શ્રી ભૂમિકા પંચાલ | હિસાબનીશ ( આ.સો.) | રૂા. ૧૮૦૦૦/- (ફીક્સ) | રૂા. ૧૮૦૦૦/- |
| ૯ | શ્રી સંદિપભાઇ પંચાલ | માન. ચેરમેનશ્રીના અંગત મદદનીશ(આ.સો.) | રૂા. ૧૫૦૦૦/- (ફીક્સ) | રૂા. ૧૫૦૦૦/- |
| ૧૦ | શ્રી સંદીપ પ્રજાપતિ | સ્ટેનોગ્રાફર(આ.સો.) | રૂા. ૧૫૦૦૦/- (ફીક્સ) | રૂા. ૧૫૦૦૦/- |
| ૧૧ | શ્રી શુભમ વાઘેલા | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર(આ.સો.) | રૂા. ૧૫૦૦૦/- (ફીક્સ) | રૂા. ૧૫૦૦૦/- |
| ૧૨ | શ્રી હેતલબેન વાઘેલા | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર(આ.સો.) | રૂા. ૧૫૦૦૦/- (ફીક્સ) | રૂા. ૧૫૦૦૦/- |
| ૧૩ | શ્રી અરવિંદસિંહ ચૌહાણ | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર(આ.સો.) | રૂા. ૧૫૦૦૦/- (ફીક્સ) | રૂા. ૧૫૦૦૦/- |
| ૧૪ | શ્રી વિજય ચાવડા | ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર(આ.સો.) | રૂા. ૧૫૦૦૦/- (ફીક્સ) | રૂા. ૧૫૦૦૦/- |
| ૧૫ | શ્રી અમિત રાણા | પટાવાળા(આ.સો.) | રૂા. ૧૨૩૦૦/- (ફીક્સ) | રૂા. ૧૨૩૦૦/- |
| ૧૬ | શ્રી વિજય ચૌહાણ | પટાવાળા(આ.સો.) | રૂા. ૧૨૩૦૦/- (ફીક્સ) | રૂા. ૧૨૩૦૦/- |
| ૧૭ | શ્રી ગૌતમ પુરબીયા | પટાવાળા(આ.સો.) | રૂા. ૧૨૩૦૦/- (ફીક્સ) | રૂા. ૧૨૩૦૦/- |

## ૧૦(બ). ફિલ્ડના કર્મચારીઓની યાદી

### સ્ટેટ કો.ઓર્ડિનેટર નામ

| ક્રમ.નં | ઝોન | ઝોન | નામ | | મોબાઈલ નં. |
|---|---|---|---|---|---|
| ૧ | તમામ | સ્ટેટ | અનિલભાઈ ત્રિવેદી | તમામ જિલ્લા/ મ.ન.પા | 6357490112 |

### ઝોન કો.ઓર્ડિનેટર નામ

| ક્રમ.નં. | ઝોન | મુખ્ય મથક | નામ | જિલ્લો | મોબાઈલ નં |
|---|---|---|---|---|---|
| ૧ | ઝોન-૧ | અમદાવાદ | ક્રિષ્નાબેન જાડેજા | અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી | 8000011420 |
| ૨ | ઝોન-૨ | મહેસાણા | અજીતભાઈ પટેલ | મહેસાણા, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, વાવ-થરાદ | 6357490115 |
| ૩ | ઝોન-૩ | પંચમહાલ | પીન્કીબેન મેકવાન | પંચમહાલ, મહીસાગર, દાહોદ, ખેડા | 6357490116 |
| ૪ | ઝોન-૪ | વડોદરા | રાજેશભાઈ પંચાલ | વડોદરા, છોટા ઉદેપુર, આણંદ, નર્મદા | 6357490114 |
| ૫ | ઝોન-૫ | વલસાડ | પ્રીતિબેન પાન્ડે | વલસાડ, ડાંગ, તાપી, નવસારી, સુરત, ભરૂચ | 6357490117 |
| ૬ | ઝોન-૬ | રાજકોટ | વંદનાબેન રાજાણી | રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ | 6357490119 |

### યોગ કોચ ( જિલ્લા કો.ઓર્ડિનેટર ) નામ

| ક્રમ.નં, | જિલ્લા | નામ | વોર્ડ / તાલુકાઓ | મોબાઈલ નં. |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ દક્ષિણ | ચાંદની મૌલિકકુમાર બારોટ | વોર્ડ + ૨ તાલુકા (વિરમગામ, ધોલેરા) | 6357490120 |
| ૨ | અમદાવાદ ઉત્તર | ઈલાક્ષીબેન ઉમેશભાઈ ચૌહાણ | વોર્ડ + ૨ તાલુકા (મંડલ, દેતરોજ) | 6357490121 |
| ૩ | અમદાવાદ પૂર્વ | પ્રફુલભાઈ ધીરુભાઈ સાવલીયા | વોર્ડ + ૨ તાલુકા (ધોળકા, ધંધુકા) | 6357490122 |
| ૪ | અમદાવાદ મધ્યસ્થ | દારગીબેન શેઠ | વોર્ડ + ૩ તાલુકા (દસ્ક્રોઈ, બાવળા, સાણંદ) | 6357490124 |
| ૫ | ગાંધીનગર મ.ન.પા. + ગ્રામ્ય | ભાવનાબેન જોષી | વોર્ડ + તાલુકાઓ | 6357490126 |
| ૬ | અરવલ્લી | રાજેશભાઈ પટેલ | મોડાસા, ધનસુરા, બાયડ | 9428961310 |
| ૮ | અરવલ્લી | હિતેન્દ્રભાઈ પંચાલ | ભિલોડા, માલપુર, મેઘરજ | 9724452307 |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | મહેસાણા | **જયંતિભાઈ પટેલ** | **મહેસાણા, જોટાણા, કડી, બેચરાજી** | **6357490127** |
| ૧૦ | પાટણ | **અંકિતાબેન બાબુભાઈ પટેલ** | **પાટણ, ચાણસ્મા, સરસ્વતી, સિદ્ધપુર** | **6357490128** |
| ૧૧ | પાટણ ગ્રામ્ય | **નિકિતાબેન દરજી** | **સાંતલપુર, રાધનપુર, સમી, સંખેશ્વર, હારીજ** | **9427639918** |
| ૧૨ | બનાસકાંઠા | **નીતાબેન ઠાકોર** | **પાલનપુર, અમીરગઢ, ડીસા, દાંતા, દાંતીવાડા, વડગામ, ધાનેરા** | **9023121745** |
| ૧૩ | સાબરકાંઠા | **અમીબેન પટેલ** | **હિંમતનગર, પ્રાંતિજ, તલોદ** | **6357490131** |
| ૧૪ | સાબરકાંઠા ગ્રામ્ય | **ઉમંગભાઈ સુતરીયા** | **ઈડર, વડાવલી, ખેડબ્રહ્મા, પોસીના, વિજયનગર** | **6357490172** |
| ૧૫ | પંચમહાલ | **સોનલબેન પરીખ** | **ગોધરા, કાલોલ, મોરવા(હડફ), શહેરા** | **6357490134** |
| ૧૬ | પંચમહાલ ગ્રામ્ય | **સોનલબેન દરજી** | **જાંબુઘોડા, હાલોલ, ઘોઘંબા + સોશિયલ મિડિયા ઝોન** | **6357490178** |
| ૧૭ | મહિસાગર | **અજમલભાઈ બામણીયા** | **તમામ તાલુકા** | **6357490133** |
| ૧૮ | દાહોદ ગ્રામ્ય | **ધુળાભાઈ પારગી** | **ફતેહપુરા, સંજેલી, ઝાલોદ, લીંખેડા** | **6357490135** |
| ૧૯ | દાહોદ | **રાહુલભાઈ પરમાર** | **દાહોદ, ગરબાડા, દેવગઢ બારીયા, ધાનપુર** | **9712291401** |
| ૨૦ | ખેડા | **રાનીબેન ઠાકર** | **નડીયાદ, માતર, વસો, મહેમદાબાદ** | **6357490150** |
| ૨૧ | ખેડા ગ્રામ્ય | **મીનલભાઈ પટેલ** | **મહુધા, કપડવંજ, કઠલાલ, થાસરા, ગલતેશ્વર** | **9879209563** |
| ૨૨ | વડોદરા પશ્ચિમ | **મીનાક્ષી બેન પરમાર** | **વોર્ડ** | **6357490147** |
| ૨૩ | વડોદરા પૂર્વ | **રીશિકાબેન વંજાણી** | **વોર્ડ + સોશિયલ મિડિયા ઝોન** | **8460199338** |
| ૨૪ | વડોદરા ગ્રામ્ય- ૧ | **સુનિલભાઈ પટેલ** | **વાઘોડિયા, વડોદરા રૂરલ, સાવલી, ડેસર** | **6357490146** |
| ૨૫ | વડોદરા ગ્રામ્ય- ૨ | **ઈન્દ્રજીતભાઈ પરમાર** | **પાદરા, કરજણ, ડભોઈ, સિનોર** | **6357490148** |
| ૨૬ | છોટા ઉદેપુર | **મનિષાબેન વાળંદ (ઈનચાર્જ)** | **તમામ તાલુકા + યોગ પ્રચારક** | **8849349421** |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | આણંદ | **તોરલબેન પટેલ** | **આણંદ, ઉમરેઠ, આંકલાવ** | **6357490149** |
| ૨૮ | આણંદ ગ્રામ્ય | **તક્ષભાઈ શુકલા** | **તારાપુર, ખંભાત, સોજીત્રા, પેટલાદ, બોરસદ** | **9106906535** |
| ૨૯ | વલસાડ | **પ્રીતિબેન વૈષ્ણવ** | **તમામ તાલુકા** | **6357490142** |
| 30 | ડાંગ | **પ્રિયંકાબેન ભોયે** | **તમામ તાલુકા** | **6357490143** |
| ૩૧ | તાપી | **જ્યોતિબેન મહાલે** | **તમામ તાલુકા** | **6357490144** |
| ૩૨ | નવસારી | **ગાયત્રીબેન તલાટી** | **તમામ તાલુકા** | **6357490145** |
| 33 | રાજકોટ પૂર્વ | **મિતાબેન તેરૈયા** | **વોર્ડ** | **6357490151** |
| ૩૪ | રાજકોટ પશ્ચિમ | **ગીતાબેન સોજીત્રા** | **વોર્ડ** | **6357490152** |
| ૩૫ | રાજકોટ ગ્રામ્ય – ૧ | **હિતેશભાઈ કાચા** | **કોટડા સાંગાણી, લોધિકા, જસદણ, વિંછીયા, પડધરી** | **6357490153** |
| ૩૬ | રાજકોટ ગ્રામ્ય – ૨ | **દક્ષાબેન હિરપરા** | **ઉપલેટા, ધોરાજી, જામકંડોરણા, જેતપુર, ગોંડલ** | **9726115088** |
| ૩૭ | મોરબી | **દેવાંશ્રીબેન પરમાર** | **તમામ તાલુકા** | **6357490165** |
| ૩૮ | સુરેન્દ્રનગર | **મોનિકાબેન ચુડાસમા** | **સુરેન્દ્રનગર, દસાડા, ધાંગધ્રા, લખતર, વઢવાણ** | **6357490154** |
| ૩૯ | સુરેન્દ્રનગર ગ્રામ્ય | **ગભરૂભાઈ ભરવાડ** | **મુળી, થાનગઢ, ચોટીલા, સાયલા, ચુડા, લીંબડી** | **8347579873** |
| ૪૦ | જુનાગઢ મ.ન.પા | **વૈશાલીબેન ચુડાસમા** | **તમામ વોર્ડ** | **6357490156** |
| ૪૧ | જુનાગઢ ગ્રામ્ય – ૧ | **સોનલબેન બગડા** | **જુનાગઢ ગ્રામ્ય, ભેંસાણ, વિસાવદર, કેશોદ** | **6357490180** |
| ૪૨ | જુનાગઢ ગ્રામ્ય- ૨ | **જયંતિભાઈ કાછડીયા** | **માંગરોલ, માળીયા, વંથલી, માણાવદર,  મેંદરડા** | **9825713828** |
| ૪૩ | પોરબંદર | **કેતનભાઈ કોટિયા** | **તમામ તાલુકાઓ** | **6357490160** |
| ૪૪ | ગીર સોમનાથ | **ચેતનાબેન ગજેરા** | **તમામ તાલુકાઓ** | **9426132581** |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૫ | ભાવનગર મ.ન.પા | **છાયાબેન પટેલ** | **તમામ વોર્ડ** | **8487997969** |
| ૪૬ | ભાવનગર ગ્રામ્ય | **વિશાલભાઈ ડાભી** | **તમામ તાલુકાઓ +સોશિયલ મિડિયા ઝોન** | **6357490179** |
| ૪૭ | અમરેલી શહેર | **સાગરભાઈ મહેતા** | **તમામ તાલુકાઓ** | **9033316841** |
| ૪૮ | બોટાદ શહેર | **નીપાબેન બગડિયા** | **બોટાદ** | **9723802129** |
| ૪૯ | બોટાદ ગ્રામ્ય | **પ્રવિણભાઈ કળથીયા** | **ગઢડા, રાણપુર, બરવાડા** | **6357490161** |
| ૫૦ | જામનગર મ.ન.પા. | **હર્ષિદાબેન મહેતા** | **તમામ વોર્ડ** | **6357490159** |
| ૫૧ | જામનગર ગ્રામ્ય | **ક્રાંતિલાલ વસોયા** | **તમામ તાલુકાઓ** | **7874621212** |
| ૫૨ | કચ્છ પશ્ચિમ | **વિજયકુમાર શેઠ** | **ભુજ, લખતર, નખત્રાણા, અબડાસા, માંડવી** | **6357490118** |
| ૫૩ | કચ્છ પૂર્વ | **પૂજાબેન લાલવાણી** | **અંજાર, ગાંધીધામ, ભચાઉ, રાપર, મુન્દ્રા** | **9427178424** |
| ૫૪ | દેવભૂમિ દ્વારકા | **ગિરધરભાઈ જોષી** | **તમામ તાલુકાઓ** | **-** |
| ૫૫ | સુરત પશ્ચિમ | **પારૂલબેન પટેલ** | **વોર્ડ** | **9428454604** |
| ૫૬ | સુરત પૂર્વ | **દિશાબેન જાની** | **વોર્ડ** | **6357490138** |
| ૫૭ | સુરત મધ્ય | **કૃતિબેન બારડોલીયા** | **વોર્ડ** | **99797 11185** |
| ૫૮ | સુરત ગ્રામ્ય- ૧ | **નવનીતભાઈ શેલડીયા** | **માંગરોળ, માંડવી, ઉમરપાડા, ઓલપાડ** | **-** |
| ૫૯ | સુરત ગ્રામ્ય- ૨ | **હિનાબેન ચાવડા** | **ચોરાસી,  મહુવા, કામરેજ, પલસાણા, બારડોલી** | **9726814600** |
| ૬૦ | ભરૂચ | **બીનીતાબેન પ્રજાપતિ** | **ભરૂચ, વાગરા, આમોદ, જંબુસર** | **9826200631** |
| ૬૧ | ભરૂચ ગ્રામ્ય | **કામિનીબા રાજ** | **હાંસોટ, અંકલેશ્વર, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ** | **8200607328** |
| ૬૨ | અમદાવાદ | **નિર્મલાબેન ટાંક** | **યોગ કલાસ નવીનીકરણ + સોશિયલ મિડિયા ઝોન** | **6357490177** |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૩ | ગાંધીનગર | **સ્મિતાબેન મોદી** | **યોગ કલાસ નવીનીકરણ** | **8401670547** |
| ૬૪ | - | **નીતાબેન દેસાઈ** | **એમ.ઓ.યુ / સ્કુલો સાથે જોડાણ** | **9727022564** |
| ૬૫ | **-** | **વાલજીભાઈ ડાભી** | **ઈન્સ્પેક્શન** | **9586282527** |

# વહીવટી માળખુ



અગ્ર સચિવશ્રી
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
કમિશ્નરશ્રી
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
ચેરમેનશ્રી
ગુજરાત રાજ્ય યોગ બોર્ડ
ખાસ ફરજ પરના અધિકારી
વહીવટી અધિકારી
હિસાબી અધિકારી
અંગત મદદનીશ - 1
પ્રોજેક્ટ મેનેજર - 1
સોશિયલ મીડિયા મેનેજર - ૧
તજજ્ઞ - 2
હિસાબનીશ - 1
ક્લાર્ક કમ ઓપરેટર - 2
સ્ટેનોગ્રાફર - 1
ક્લાર્ક કમ ઓપરેટર - 2
પટાવાળા - 3

# ક્ષેત્રીય માળખું

**ચેરમેનશ્રી**
ગુજરાત રાજ્ય યોગ બોર્ડ

**ખાસ ફરજ પરના અધિકારી**

**સ્ટેટ કો - ઑર્ડિનેટર -1**

**ઝોન કો - ઑર્ડિનેટર - 6**

**યોગ કોચ - 66**
**(કો-ઓર્ડીનેટર)**

## ૧૧. અંદાજપત્ર (બજેટ)

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર

## બજેટ ૨૦૨૬-૨૦૨૭

(રૂ. લાખમાં)

| ક્રમ | | યોજનાનું નામ | બજેટ જોગવાઈ 2026-27 |
|---|---|---|---|
| 1 | | યોગ પ્રવૃતિના વિકાસ માટે (ગુજરાત રાજ્ય યોગ બોર્ડ) | 2802.00 |
| | 1 | પગાર ભથ્થા | 30.00 |
| | 2 | માન. ચેરમેનશ્રી માનદવેતન | 3.00 |
| | 3 | યોગ કોચ/ટ્રેનર યોગ વર્ગ માનદ વેતન | 1120.00 |
| | 4 | આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની ઉજવણી (રાજ્ય/ જિલ્લા /તાલુકા /ગ્રામ્ય કક્ષા) | 490.00 |
| | 5 | યોગ પ્રચાર / પ્રસાર અને યોગ વિકાસ ખર્ચ (યોગ શિબિર / સંવાદ / યોગ રેલી/ તાલીમ | 820.00 |
| | 6 | મેનપાવર આઉટસોર્સ | 22.00 |
| | 7 | યોગ સાહિત્ય પ્રકાસન/પ્રિન્ટિંગ ખર્ચ | 60.00 |
| | 8 | જાહેરાત/પ્રચાર ખર્ચ | 80.00 |
| | 9 | આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની ઉજવણી અંતર્ગત ટી-શર્ટ/ ટ્રેકસૂટ / યોગા મેટ | 90.00 |
| | 10 | ઓડિટ ફી/ આવકવેરો/ જીસેટી/ રિટર્ન ફાઈલીગ ખર્ચ | 1.20 |
| | 11 | ઓનલાઈન દૈનિક / નિયમિત યોગ ટ્રેનિંગ કેમ્પના આયોજન ખર્ચ | 10.10 |
| | 12 | વાહન સુવિધા (આઉટસોર્સ) | 23.20 |
| | 13 | પ્રવાસ ખર્ચ | 30.00 |
| | 14 | ભાડા ખર્ચ | 2.50 |
| | 15 | કચેરી ખર્ચ | 20.00 |
| 2 | | યોગ એવોર્ડ (રાજ્ય કક્ષા) તથા યોગ સ્પર્ધા (રાજ્ય / મહાનગરપાલિકા કક્ષા) | 150.00 |
| 3 | | રાજયના જિલ્લા / મહાનગર પાલિકા મથકે જાહેર યોગ સ્ટુડીયો (ગુજરાત રાજય યોગ બોર્ડ) | 637.00 |
| 4 | | ગુજરાત રાજય યોગ બોર્ડ કચેરીમાં વહીવટી અને ક્ષેત્રીય કામગીરી માટે આઉટસોર્સથી સેવાઓ મેળવવા અંગે. | 200.00 |
| 5 | | વિશ્વ યોગ દિવસ ઉજવણી જીલ્લા કક્ષા | 165.00 |
| | | વિશ્વ યોગ દિવસ ઉજવણી રાજ્ય કક્ષા | 75.00 |
| કુલ | | | 4029.00 |

## ૧૨. આર્થિક સહાય કાર્યક્રમો (સબસિડી કાર્યક્રમો)

ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સ્થાપનાના ઠરાવમાં કોઈ ચોક્કસ આર્થિક સહાય (સબસિડી) કાર્યક્રમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. બોર્ડ મુખ્યત્વે રાજ્ય સરકારના અનુદાનમાંથી યોગના પ્રચાર, પ્રસાર, તાલીમ અને સંકલનના કાર્યક્રમોનું આયોજન કરે છે, જેનો ઉદ્દેશ્ય જાહેર જાગૃતિ અને વ્યક્તિગત વિકાસ છે.

## ૧૩. છૂટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતીઓ મેળવનારાઓની વિગતો

ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચનાના ઠરાવમાં, જાહેર જનતા અથવા સંસ્થાઓને કોઈપણ પ્રકારના લાયસન્સ, પરવાનગીઓ અથવા છૂટછાટો આપવા અંગેની વિગતોનો સમાવેશ થતો નથી.

## ૧૪. ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ઉપલબ્ધ માહિતી

1. **પ્રકાશન:** બોર્ડ દ્વારા એકત્રિત જાણકારીનો જાહેર જનતામાં ફેલાવો કરવા માટે પત્ર-પત્રિકાઓ, પુસ્તકો અને અન્ય સાહિત્ય સ્વરૂપે પ્રકાશન કરવામાં આવશે.
2. **સરકારી ઠરાવ (GR):** બોર્ડની રચના સંબંધિત ઠરાવ અને અન્ય નીતિ વિષયક દસ્તાવેજો વહીવટી વિભાગ (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ) ની સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ રહેશે.

## ૧૫. માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતો

1. **કાર્યક્રમ આયોજન:** નાગરિકોને માહિતી, તાલીમ અને શિક્ષણ પૂરા પાડવા માટે તાલીમ શિબિર, પરિસંવાદ, વર્કશોપ, પ્રદર્શન, પરિષદો, વગેરેનું આયોજન કરવામાં આવે છે.
2. **સાહિત્ય પ્રકાશન:** યોગ પ્રવૃત્તિઓના પ્રચાર અને પ્રસાર માટે પ્રકાશિત સાહિત્ય ઉપલબ્ધ કરાવવામાં આવશે.
3. **જાહેર સંપર્ક**: બોર્ડના વડુમથક ગાંધીનગર ખાતે (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)ના માધ્યમથી માહિતી મેળવી શકાશે.

**૧૬. જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દાઓ અને બીજી વિગતો**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના જાહેર માહિતી અધિકારીશ્રી અને અપિલ સત્તા અધિકારીશ્રીની વિગતો નીચે મુજબ છે.

| જાહેર માહિતી અધિકારીશ્રી | અપિલ સત્તા અધિકારીશ્રી |
|---|---|
| **શ્રી ધર્મરાજસિંહ વાઘેલા**<br>**વહીવટી અધિકારીશ્રી**<br>**ગુજરાત રાજ્ય યોગ બોર્ડ**<br>ઇ-૨ વિંગ, બ્લોક નં. 3/૪થો માળ, કર્મયોગી ભવન,<br>સેક્ટર ૧૦, ગાંધીનગર<br>સંપર્ક: 079-23258342<br>ઈમેઇલ: yogboard@gujarat.gov.in | **શ્રી મૃણાલદેવી ગોહિલ, GAS**<br>**ખાસ ફરજ પરના અધિકારીશ્રી**<br>**ગુજરાત રાજ્ય યોગ બોર્ડ**<br>ઇ-૨ વિંગ, બ્લોક નં. 3/૪થો માળ, કર્મયોગી ભવન,<br>સેક્ટર ૧૦, ગાંધીનગર<br>સંપર્ક: 079-23258343<br>ઈમેઇલ: osdyogboard@gujarat.gov.in |

**૧૭. ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી**

1. **કાર્યકારી સમિતિ:** બોર્ડ તેના અધિકારીઓ અને સભ્યોમાંથી એક કાર્યકારી સમિતિની રચના કરી શકશે, જે બોર્ડ દ્વારા સોંપવામાં આવે તેવા કાર્યો કરશે.
2. **નિયમોમાં સંશોધન:** રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ "ગુજરાત રાજ્ય યોગ બોર્ડ"ના નિયમોમાં આવશ્યક લાગે તે મુજબ સુધારા ફેરફાર કરી શકશે.
3. **અન્ય:** અધ્યક્ષશ્રીની જગ્યા ખાલી પડે અથવા અન્ય પદાધિકારીઓની જગ્યા ખાલી પડે તો બોર્ડના વહિવટી કર્મચારીઓ, વહિવટી વિભાગની મંજૂરી મેળવીને, નિયમિત કાર્યવાહીઓ કરી શકશે.